
# મિત્રો બનાવવામાં મહિલા પુરુષો કરતાં ખુબ આગળ

## ૩૩ ટકા મહિલાઓ સ્કૂલની ફ્રેન્ડનો ફરીથી સંપર્ક કરવા સોશિયલ નેટવર્કીંગ સાઈટનો કરે છે ઉપયોગઃ અહેવાલ



લંડન,

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા રસપ્રદ સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે પુરુષોની સરખામણીમાં મહિલાઓ મિત્ર બનાવવાના મામલામાં ખુબ આગળ છે. બ્રિટનના જાણીતા અખબાર ડેલી મેલે પ્રકાશિત કરેલા અહેવાલમાં જણાવ્યું છે કે છ પુરુષો પૈકી માત્ર એક જ સ્કૂલના મિત્રો સાથે સર્વશ્રેષ્ઠ મિત્રતા ધરાવે છે. સ્કુલના ગાળામાં રહેલી મિત્રતા મોટી વય સુધી પહોંચે તેવા દાખલા ખૂબ ઓછા હોય છે. યુનિવર્સિટીના સ્તર ઉપર અને નોકરીની જગ્યાએ ૩૭ ટકા સુધી મિત્રતા બનાવે છે પરંતુ સરેરાશ ફેસબુક ઉપર ૫૦ થી ૧૦૦ મિત્રો બનાવે છે. ૫૦ જેટલા મિત્રો જ તેમના મોબાઈલ ફોન ઉપર મિત્રોના નંબર સેવ કરી રાખે છે અને માત્ર પાંચ જ નજીકના મિત્રો હોય છે. આની સરખામણીમાં બિલકુલ મહિલાો મિત્ર બનાવવામાં મામલામાં આગળ હોય છે.

મહિલાઓ સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઉપર પણ વધુ સક્રિય હોવાની સાથે લાંબા સમય સુધી મિત્રતા જાળવે છે. ઓરેન્જીના દ્વારા કરવામાં આવેલા અભ્યાસના ભાગરૂપે ૨૦૦૦થી વધુ પુખ્તવયના બ્રિટિશ લોકો આવરી લેવામાં આવ્યા હતા. આમા જાણવા મળયું કે ૧૩ ટકા પુરુષો અને ૧૬ ટકા મહિલાઓ કબુલાત કરે છે કે તેમની મિત્રતાના ગ્રૂપમાં માત્ર એક જ વ્યકિત આગળ સુધી મિત્રતા જાળવે છે.

જયારે તેમના મોબાઈલ ફોન ઉપર સેવ કરેલા મિત્રોની સંખ્યા ૫૦ જેટલી છે. તેમના ફ્રેન્ડશીપ ગ્રૂપમાં ૧૬ ટકા મહિલાઓ એક વ્યકિતને પસંદ કરતી નથી જયારે પાંચ ટકા પુરુષો બાળપણના મિત્રોનો પુનઃસંપર્ક કરવા સોશિયલ નેટવર્કીંગ સાઈટનો ઉપયોગ કરે છે. આવા મામલાઓમાં મહિલાઓ ખૂબ આગળ છે. ૩૩ ટકા મહિલાઓ બાળપણના મિત્રોનો સંપર્ક કરવા સોશિયલ નેટવર્કીંગ સાઈટનો ઉપયોગ કરે છે. ૩૪ ટકા મહિલાઓ સ્કૂલમાં જ આજીવન બેસ્ટ મિત્રોને મળે છે જયારે ૧૬ ટકા પુરુષો સ્કૂલમાં તેમના હાલના બેસ્ટ ફ્રેન્ડને મળે છે.

# મોટી ઉંમરે માતા બનનાર સ્ત્રીના બાળકો વધુ સ્વચ્છ હોય છે



લંડન,

મોટી ઉંમરે માતા બનનારી સ્ત્રીઓના બાળકો વધુ સ્વસ્થ હોય છે અને તેમના બાળકોને હોસ્પિટલમાં ભરતી થવાની શકયતાઓ પણ ઘટી જાય છે. આ ઉપરાંત તેમની વેકસીન લેવાની શકયતાઓ પણ ઘટી જાય છે. એક નવા અભ્યાસમાં આ વાત બહાર આવી છે.

યુનિ.ઓફ કોલેજ ઓફ લંડનના સંશોધકોએ કરેલા અભ્યાસમાં દાવો કરાયો છે કે વધુ ઉંમરની માતાના બાળકોમાં ભાષાનો વિકાસ પણ વધુ ઝડપથી જોવા મળે છે. સાથે સાથે એવા બાળકો પાંચ વર્ષની ઉંમર પહેલા સામાજીક અને ભાવનાત્મક સમસ્યાઓનો શિકાર બને તેવી શકયતાઓ નહિવત હોય છે. સંશોધકોએ આ અભ્યાસ માટે વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૨ ની વચ્ચે જન્મ લેનારા ૭૮ હજારથી વધુ બાળકોનું વિશ્લેષણ કર્યું. અભ્યાસ માટે જે માતાઓના આંકડા લેવાયા તેમની ઉંમર ૧૩ થી ૫૭ વર્ષની વચ્ચે હતી.

પાના નં.૭ પરનું ચાલું...

સકલસંઘની સંમતિથી મુનિશ્રી આત્મારામજીએ વિરચંદ ગાંધીને પોતાની પાસે ૬ મહિના રાખી બધી પ્રકારનું શિક્ષણ આપી અમેરિકાનાં શિકાગો શહેરમાં યોજાયેલ વિશ્વધર્મ પરિષદમાં જવા માટે કહેવામાં આવ્યુ ત્યારે તે અમેરિકા જવા રવાના થયા સાથે મહુવાનાં પ્રખ્યાત જાદુગર પ્રો. નથુ મંચ્છાને રસોઈયા તરીકે સાથે લીધા કારણ કે વિદેશમાં શાકાહાર ભોજન મળવું મુશ્કેલ હતુ. માથે કાઢીયાવાડી પાઘડી બાંધી જોધપુરી સ્ટાઈલનો શુટ પહેરી વિરચંદ ગાંધી જયારે અમેરિકા પહોંચ્યા ત્યારે તેની ઉંમર માત્ર ૨૯ વર્ષની હતી શિકાગોની પાર્લામેન્ટમાં પોતાનુ વકતવ્યની શરૂઆતમાં ગુરૂદેવ મુનિ આત્મારામજી તરફથી તથા સમસ્ત જૈન સમાજ તરફથી પાર્લામેન્ટનાં આયોજકોનો આભાર વ્યકત કર્યો.

વિરચંદભાઈએ કહ્યુ કે પૂ. ગુરૂદેવ મુનિ અત્મારામજી કોઈ કારણસર આવી શકે તેમ ન હતા એટલા માટે મને ફકત મુનિ આત્મારામજીનું માઉથપીસ સમજો મતલબ બોલ મારા હશે પણ વાણી ગુરૂદેવની હશે. શિકાગોમાં તેને જૈન ધર્મનું એકદમ પ્રભાવિત પ્રદર્શન કર્યુ પરંતુ જયારે વિશ્વધર્મપરિષદમાં હિંદુધર્મ તથા ભારતીય સંસ્કૃતિ ઉપર કેટલાક અસામાજિક તત્વોએ તિવ્ર પ્રહાર કર્યા ત્યારે તે સમયે વિરચંદભાઈથી સહન ન થયું તેના પર તેને સિંહ ગર્જના કરી અને પોતાના વકતવ્ય દ્વારા પોતાની રાષ્ટ્ર ભકિતની ઓળખ આપી અને હિંદુ ધર્મનો બચાવ કર્યો.

વિરચંદ ગાંધી એ પાર્લામેટમાં અકબર બાદશાહની જીંદગીમાંથી એક વાર્તા સંભળાવી કે અકબર બાદશાહ સર્વ ધર્મોને માન આપતા હતા. વિરચંદ ગાંધી પહેલા વિદેશી લોકો જૈન ધર્મને બૌધધર્મની એક શાખા સમજતા હતા લોગ જૈન ધર્મ તથા જૈન ધર્મનાં સિધાંતો તરફ આકર્ષાયા તથા વિરચંદ ગાંધીને કેટલાંક લોકોએ અમેરિકામાં રહેવા માટે વિનંતિ કરી વિશ્વધર્મ પરિષદ પછી વિરચંદ ગાંધીનું ભુસમ્પતિની ઉપર પ્રવચન પણ વિશ્વ ભુસમ્પતિ પરિષદમાં બતાવવામાં આવ્યુ આ અમને ''ન્યુ યોર્ક ટાઈમ્સ''નાં સમાચારથી ખબર પડી વિરચંદ ગાંધીએ અમેરિકા, યુરોપ તથા અલગ–અલગ ભાગોમાં કુલ ૫૩૫ અલગ–અલગ વિષયો પર પ્રવચન આપ્યા. ત્યારે તેને કેટલાય ગોલ્ડ મેડલ જીત્યા ૧૮૯૪માં વિરચંદ ગાંધી એ અનનોન લાઈફ ઓફ જીસસ ક્રાઈસ્ટનું ફ્રેન્ચ ભાષામાંથી અંગ્રેજીમાં ભાષાંતર કર્યું તે જયારે બેરીસ્ટરનો અભ્યાસ કરવા લંડન ગયા ત્યારે તે પોતાની ધર્મપત્નીને પણ સાથે લઈ ગયા હતા તેના પુત્ર ચિ. મોહનને પણ વિદેશમાં ફકત ૭ જ વર્ષની વયમાં તેના પિતા સાથે નાના મોટા અંગ્રેજીમાં પ્રવચનો આપ્યા હતા.

વિરચંદ ગાંધી તથા સ્વામી વિવેકાનંદ ખૂબજ સારા મિત્ર હતા ૧૮૯૪માં સ્વામીજીએ અમેરિકા (૫૪૧, દેઅબોર્ન, એવન્યુ, શિકાગો)થી શ્રી હરિદાસજી દેસાઈ (જુનાગઢ દિવાન)ને પત્ર લખ્યો કે હવે અહિંયા વિરચંદ ગાંધી છે. એક જૈન તેને તમે બમ્બઈથી ઓળખો છો તે આટલી ભયંકર ઠંડીમાં પણ શાકાહારી શાક તરકારી શિવાય કાઈ ખાતા નથી તથા તેના નખ તથા દાંત હંમેશા પોતાના દેશ અને ધર્મની રક્ષા માટે તૈયાર રહે છે. અમેરિકાની પ્રજા વિરચંદભાઈને ખૂબ પસંદ કરે છે. ૧૮૯૯માં આંતરરાષ્ટ્રીય વાણિજય પરિષદમાં તેણે સમગ્ર ભારત નું પ્રતિનિધિત્વ કર્યું ભારત માંથી જવા તે એક માત્ર પ્રતિનિધિ હતા તે ઉપરાંત તેને સોસાયટી ફોર ધી એજયુકેશન ઓફ વુમન ઈન ઈન્ડિયા'' નામની સંસ્થાની સ્થાપના કરી તેનાથી કેટલીએ ભારતીય મહિલાઓએ અમેરિકા જઈને ઉચ્ચશિક્ષણ હાંસલ કર્યું તેના વિષેના કેટલાય લેખ અમેરિકાના પ્રતિષ્ઠિત છાપાઓમાં પ્રદર્શિત થયા જેવાકે ન્યુયોર્ક ટાઈમ્સ વિગરે અને માત્ર ૩૭ વર્ષની વયે ૭ ઓગષ્ટ, ૧૯૦૧નાં રોજ મુંબઈમાં તેનું અવસાન થયું.

મોહનદાસ વિરચંદ ગાંધીને બે સુપુત્રો હતા (૧) ધીરજભાઈ તથા (૨) રસિકભાઈ જયારે ધીરજભા મુંબઈ હિન્દુ મહાસભાના ૩ વર્ષ સુધી પ્રમુખ પદે રહયા હતા તથા પાયધુનિ (મુંબઈમાં) ગૃહ ઉદ્યોગ શરૂ કર્યા. તે સમયે તેને મળવા ઈન્દિરાબેન ગાંધી તથા મુંબઈના મોટા ઉદ્યોગપતિ શ્રી વાડીલાલ ચત્રભુજભાઈ ગાંધી આવ્યા હતા રસિકભાઈનો પરિવાર હાલ ભાવનગર જતા રહયા છે ધીરજભાઈનો પરિવાર વિરચંદ ગાંધીનાં મહુવાના તે જ ઐતિહાસિક મકાનમાં રહે છ આપણા મિત્ર વિરચંદ ગાંધીનાં અવસાન પછી પણ તેના પુત્ર મોહનલાલ ગાંધીથી તથા પૌત્ર ધીરજભાઈથી શુભેચ્છા પત્રનો વ્યવહાર મહાત્મા ગાંધીજીએ રાખ્યો.

અમોને ગર્વ છે કે અમે આવા શાસન સેવકના વંશજ છીએ તથા પ્રભુ અમને પણ બેરીસ્ટર શ્રી વિરચંદ રાઘવજી ગાંધી દાદાશ્રીની જેમ શાસન સેવાનો સુઅવસર આપે સાચુ કહ્યુ છે કે......

કુછ લોગ ઈતિહાસ પઢતે હૈ...
કુછ લોગ ઈતિહાસ લિખતે હૈ
લેકિન વિરચંદ દાદાશ્રી જૈસે લોગ ઈતિહાસ રચતે હૈ।

જય જીનેન્દ્ર

